GUJARAT CHAMBER OF COMMERCE & INDUSTRY
(Gujarat Vepari Mahamandal)
Shri Ambica Mills-Gujarat Chamber Bldg., P.B.No.4045,
Ashram Road, Ahmedabad-380009
Fax No.: 079-26587992/Tele. No.: 079-26582301/2/3/4
Email: gcci@gujaratchamber.org Website: www.gujaratchamber.org

અખબાર નોંધ

12470

26 ફેબ્રુઆરી, 2020

આજ રોજ ગુજરાત રાજ્યના નાણાં મંત્રીશ્રી નિતીનભાઇ પટેલ દ્વારા 2020-21 માટેનું રાજ્ય બજેટ વિધાનસભામાં પ્રસ્તુત કરવામાં આવ્યું હતું. ગત વર્ષની સરખામણીમાં આ બજેટ નું કદ 6 ટકા વધુ હતું. 2019-20 બજેટનું કુલ કદ 2,04,815 કરોડનું હતું જયારે તે વધીને 2,17,287 કરોડ કરવામાં આવ્યું હતું

આ બજેટ અંગે ગુજરાત ચેમ્બર ઓફ કોમર્સ એન્ડ ઇન્ડસ્ટ્રીના પ્રમુખશ્રી દુર્ગેશ બુચે પ્રતિક્રિયા આપતાં જણાવ્યું હતું કે,

- આજનું બજેટ મુખ્યત્વે ખેડૂતલક્ષી તેમજ સામાજિક વિકાસલક્ષી બજેટ છે. આ બજેટમાં સરકાર દ્વારા મુખ્યત્વે કૃષિ, જળ, શિક્ષણ અને વૈકલ્પિક ઉર્જાના સ્ત્રોતોનો વિકાસ પર ખાસ ધ્યાન આપવામાં આવ્યું છે.
- ગત વર્ષ કરતા આ બજેટમાં રૂ. 12,472/- કરોડના વધારાની ફાળવણી કરવામાં આવી છે, જે આવકાર્ય છે. વધુમાં સૌર ઊર્જા માટે જે નવા પ્રોજેકટ ની જાહેરાત કરવામાં આવી છે તેને બિરદાવીએ છીએ.
- આ બજેટમાં જાહેર કરેલ નવી ફાળવણીઓ થકી કૃષિ વિકાસને વેગ મળી રહેશે.
- વર્ષ 2020-21 માટે ગુજરાત ના મહત્વ ના ઉધોગ અલંગ શિપ બ્રેકીગ યાર્ડ આધુનિકીકરણ માટે રૂ. 715 કરોડ ફાળવવામાં આવ્યા છે તેને ચેમ્બર ઓફ કોમર્સ ના આગેવાનો આવકારે છે.
- ગિફ્ટ સિટી માટે સરકારશ્રી તરફથી જે શેરમૂડી માટે રૂ.200 કરોડના મૂડીરોકાણ ની જે જોગવાઇ કરવામાં આવેલ છે તેનાથી ફાઇનાન્સ પ્રવૃત્તિ સાથે સંકળાયેલા વ્યવસ્યાયીઓને પ્રોત્સાહન મળી રહેશે.
- માનનીય પ્રધાનમંત્રીશ્રી ની દેશના વિધાર્થીઓ માટે ની એક અનોખી પહેલ, સ્ટાર્ટ-અપ અને ઇનોવેશન હેઠળ રાજ્ય સરકારે 14 લાખ વિધાર્થીઓ માટે 20 કરોડની જે ફાળવણી કરેલ છે, તે તેમના માટે પ્રેરણાદાયી નીવડશે તેવી આશા છે.
- સ્કીમ ફોર ઈન્સેન્ટિવ ટૂ ઇન્ડસ્ટ્રીઝ, પ્લાસ્ટિક ઇન્ડસ્ટ્રીઝ, મેગા ઈનોવેટિવ સેકટર ને પ્રોત્સાહન માટે જે રૂ. 950 કરોડની ફાળવણી કરવામાં આવેલ છે, તેને GCCI તેના મેમ્બર વતી આવકારે છે.

- રાજ્ય સરકાર તરફથી "વાયેબલ સિક ઇન્ડસ્ટ્રીઝ" ના પુનર્વસન માટે રૂ. 100 કરોડ ની જોગવાઈને અમે આવકારીએ છીએ.

- માનનીય નાયબ મુખ્યમંત્રીશ્રી ના જણાવ્યા મુજબ EODB (Ease of Doing Business) અંતર્ગત દેશભરમાં થયેલ કુલ રૂ. 6,79,000 કરોડનાં રોકાણો પૈકી રૂ.3,44,000 કરોડ નું રોકાણ માત્ર ગુજરાતમાં થયેલું છે તે પ્રશંસનીય બાબત છે.

- કચ્છ ખાતે વિશ્વનાં સૌથી મોટા હાઈબ્રીડ પાર્ક ના નિર્માણથી એક જ સ્થળેથી સૌર અને પવન ઊર્જા દ્વારા વાર્ષિક 25,000 મેગાવોટ ઉર્જા ઉત્પન્ન થશે તેને અમે બિરદાવીએ છીએ

- GCCI દ્વારા કોલ્ડ સ્ટોરેજ પાર વીજ દર ઘટાડવાની રજુઆત કરવામાં આવી હતી જેને આ બજેટમાં માન્ય રાખવામાં આવેલ છે તે આવકાર્ય છે.

- GCCI ના પ્રમુખશ્રી દુર્ગેશ બુચે જણાવ્યું હતું કે હાલની વૈશ્વિક મંદીને ધ્યાનમાં રાખી ઉધોગોને પ્રોત્સાહન માટેના તેમજ વૈશ્વિક મંદીને ધ્યાનમાં રાખી ઉધોગોને પ્રોત્સાહન માટેના તેમજ સ્થાનિક નાના ઉધોગોના સંરક્ષણ માટેના પગલાંઓ આ બજેટમાં લેવામાં આવ્યા નથી. વધુમાં તેમણે જણાવ્યું હતું કે લાંબા સમયથી ઉધોગો ઉર્જા-ખર્ચમાં રાહતની માંગણી કરતા હતા તે અંગે પણ આ બજેટમાં કોઈ જાહેરાત કરવામાં આવી નથી જે અપેક્ષિત હતી.

---

**તંત્રીશ્રી / ચીફ રિપોર્ટર / વાણિજ્ય તંત્રીશ્રી / બ્યુરો ચીફ/ ન્યૂઝ એડિટર**

**યોગ્ય પ્રસિદ્ધિ સારું વિનંતી સહ રવાના,**

તન્મય મહેતા
**સેક્રેટરી જનરલ**